## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



લોકોને અપિલ કરો કે સફાઈ અભિયાન એવું ચલાવે કે આતંકવાદીને આ ધરતી લોહીથી બગાડતા પહેલા વિચાર કરે...!!

# શહેરમાં અચાનક ઈમરજન્સી સેવા ૧૦૮ના પૈંડા થંભી ગયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં આજે સવારથી જ ઈમરજન્સી સેવા આપતી ૧૦૮ એમ્બ્યુલન્સના પૈંડા થંભી ગયા હતા. ૧૪ એમ્બ્યુલન્સના ડ્રાઈવરો અચાનક પડતર પ્રશ્નો અંગે હડતાલ પર જતા રહેતા ૧૫૦ થી વધુ દર્દીઓ રઝળી પડ્યા હતા. પડતર પ્રશ્નો અંગે કલેકટરને આવેદન પત્ર આપ્યા બાદ મોડી સાંજે ૧૦૮ના એક ઉચ્ચ અધિકારીએ ડ્રાઈવરોની વિવિધ સમસ્યાઓનું સત્વરે નિરાકરણ આવશે તેવી હૈયાધારણા આપતા આખરે ડ્રાઈવરોએ હડલાત સમેટી લીધી હતી. ત્યારે આજે એકસાથે ૬ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓએ હડતાલ પાડતા ભારે હોહા મચી જવા પામી હતી.

રાજય સરકાર દ્વારા પ્રજાની સેવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા શરુ કરવામાં આવી છે. આ સેવા સમગ્ર રાજયમાં કાર્યરત છે ૧૦૮ની સેવા ૨૪ કલાક આપવામાં આવે છે. રાજયમાં વાહનના અભાવે તેમજ પ્રાથમિક સારવારના અભાવે મૃત્યુ પામનારની સંખ્યામાં ઘટાડો થવા પામ્યો છે. ત્યારે વર્ષોથી કર્મચારીઓના પડતર પ્રશ્નો છે જેનો આજદિન સુધી નિકાલ આવ્યો નથી. જેને પગલે આજે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, નવસારી, સુરત, અને ગાંધીનગરના કર્મચારીઓએ એમ્બ્યુલન્સના પૈંડા થંભાવી દીધા હતા. જેથી દર્દીઓને ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે કર્મચારીઓના વર્ષોથી પડતર પ્રશ્નો છે તેમાં રાજયમાં કેટલાક સ્થળો પર ૧૦૮ ની સેવા માત્ર ૧૨ કલાક જ છે તેવા સ્થળો પર ૨૪ કલાકની સેવા શરુ કરવી, ૧૦૮ નો કર્મચારી જો કોઈ સંગઠનનો સભ્ય બને તો તેને તાત્કાલીક છુટો કરવામાં આવે છે તે અન્યાય દુર કરવો, એક એમ્બ્યુલન્સે ૨૦૦ કેસ કરવા તેવો ટાર્ગેટ આપવામાં આવે છે. ત્યારે આવો કોઈ જ ટાર્ગેટ ન હોવો જોઈએ, ઈએમટી કે પાઈલોટથી કોઈ ભુલ થાય તો તેઓને તાત્કાલીક જિલ્લા ટ્રાન્સફર કે લોકેશન ચેન્જ કરી હાંકી કાઢવામાં આવે છે. ૧૨ની એવરેજ માટે ટોર્ચર કરવામાં આવે છે તેવી એવરેજ ઈમરજન્સી વાહનમાં ન હોવી જોઈએ, ૧૨ કલાકની નોકરી ઘટાડીને ૮ કલાકની કરવી, કર્મચારીઓને વર્ગ-૩ ના કર્મચારીઓ ગણી ને ધારાધોરણ મુજબ પગાર વધારો, બોનસ જેવા લાભ આપવા, એમ્બ્યુલન્સ માટે પાર્કીંગ, કાયમી લોકેશન, કર્મચારીઓ માટે ટોઈલેટની સુવિધા તેમજ ગાડી ધોવા માટે પાણીની વ્યવસ્થા, ઈએમટી-પાયલોટ સાથે સ્વીપરની જગ્યા ભરવી, ઉનાળામાં એમ્બ્યુલન્સમાં એસી ચાલુ કરવા દેવું, ચાલુ ફરજ દરમિયાન કર્મચારીનું મૃત્યુ થાય તો પરિવારને યોગ્ય વળતર આપવા સહિતના પ્રશ્નો વર્ષોથી પેન્ડીંગ છે. તંત્ર સમક્ષ વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત છતા નિવેડો ન આવતા કર્મચારીઓએ ના છુટકે હડતાલનું શસ્ત્ર ઉગામ્યું હતું. આજે ગાંધીનગર જિલ્લાની ૧૪ એમ્બ્યુલન્સના પૈંડા થંભી જતા ૧૫૦ થી વધુ દર્દીઓને હેરાન થવાનો વારો આવ્યો હતો. પાટગનરમાં ૧૦૮ ની હડલાત પહેલીવાર પડતા સૌ કોઈ અચંબામાં પડી ગયા હતા. ત્યારે એક સાથે ૬ જિલ્લાની એમ્બ્યુલન્સના પૈંડા થંભી જતા જીવીકે-ઈએમઆરઈનું તંત્ર પણ હરકતમાં આવી ગયું હતું. મોડીસાંજે કર્મચારીઓએ હડતાલ સમેટતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.



## રેતી-કાંકરીની ગ્રાન્ટના મુદે સભ્યોએ પુનઃ પ્રમુખ સમક્ષ ઉગ્ર રજુઆતો કરી

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીની ગ્રાન્ટનો વધુ એક વિવાદ ઉભો થતાં આજે જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે તેમના કાર્યાલયમાં બેસી આ અંગે આકરી કવાયતો કરી હતી.

વિકાસ કમિશનર દ્વારા હાઈમાસ્ક લાઈટના કામો અંગે લગાવેલી રોક પછી સભ્યો દ્વારા રાજકીય દબાણ ઉભુ કરવામાં આવ્યુ છે એટલુ જ નહિ જે કામો થઈ ગયા છે તેના પેમેન્ટને લઈ પણ મુદ્દો ઉપસ્થિત થતા કામો સમાવવા માટે સભ્યોએ આજે ઉગ્ર રજુઆત કરી હતી.

જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ રૂ. ૧૮ કરોડના કામોની દરખાસ્તને બહાલી આપી હતી. આ પૈકી ૧૩ કરોડના કામોને વહીવટીય અને તાંત્રિક મંજૂરી અપાઈ ચુકી છે.

દરમ્યાન જિલ્લા પંચાયત પાસે રેતી-કાંકરીની ગ્રાન્ટમાં જે અગાઉના વર્ષોની બચત છે તે બે કરોડ જેટલી હોવાથી સભ્યો દ્વારા હવે તેમના વિસ્તારને જ અગ્રતા આપવામાં આવે તેવો સવિશેષ આગ્રહ કરતાં પંચાયતમાં રાજકારણ પુનઃ આ મુદ્દે ગરમાયુ છે.

વિકાસ કમિશનરે કરેલા પરિપત્ર પછી પંચાયત પ્રમુખ આ મુદ્દે તેમને મળવા જવાનો તેમજ કેટલીક સ્પષ્ટતાઓ માંગવા જવાના હોવાની વાતો પણ આજે સાંભળવા મળી હતી.



આજે 'માતૃભાષા અભિયાન'ના નેજા નીચે એક પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણીની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિમંડળ જ્ઞાનપીઠ વિજેતા રઘુવીર ચૌધરીની આગેવાની નીચે મળ્યું હતું. પ્રતિનિધિમંડળે ધોરણ એક થી બારમા સુધી ગુજરાતી ફરજિયાત કરવા રજુઆત કરી હતી. પ્રાદેશિક ભાષાઓના સંવર્ધન અને સંરક્ષણ માટે બીજી રાજ્ય સરકારોએ લીધેલા પગલાંની ચર્ચા થઈ હતી. પ્રતિનિધિમંડળમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઇ, હાસ્ય લેખક શ્રી રતિલાલ બોરીસાગર, સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ ભાગ્યેશ જહા, માતૃભાષા અભિયાનના શ્રી રાજેન્દ્ર પટેલ, કવિશ્રી માધવ રામાનુજ, વાર્તાકાર શ્રી મોહન પરમાર, વિધ્યાપીઠના શ્રી રાજેન્દ્ર ખીમાણી જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ સાનુકૂળ પ્રતિભાવ આપ્યો હતો અને ઉઠાવેલા મુદ્દાઓ તપાસીને યોગ્ય નિર્ણય લેવાશે તેવો નિર્દેશ આપ્યો હતો.

## ધી વસુધા ક્રેડીટ એન્ડ સપ્લાય કો.ઓ.સોસાયટી લિ. વાર્ષિક સાધારણ સભા

ગાંધીનગર, તા.૧૩

ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ.સોસાયટી લિ.ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા આગામી તા.૨૩-૭-૧૭ને રવિવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે ડો.બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. સાધારણ સભા પુરી થયા બાદ તરત જ તેજસ્વી તારલાઓને સન્માન સમારંભ આમંત્રેલ મહાનુભાવોની હાજરીમાં યોજાશે. વાર્ષિક અહેવાલ વહેંચવામાં આવી રહ્યા છે. જે સોસાયટીના સભાસદોને વાર્ષિક અહેવાલ ના મળ્યા હોય તેમણે સોસાયટીના કાર્યાલયમાંથી મેળવી લેવા તથા ઈનામ મેળવવા વિદ્યાર્થીઓએ સોસાયટીના કાર્યાલયમાંથી ફોર્મ મેળવી તા.૨૦-૭-૧૭ સુધીમાં પરત જમા કરાવવાનું રહેશે. ત્યારબાદ કોઈપણ વિદ્યાર્થીનુ ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહી.

## કો-ઓપરેટીવ સોસાયટીઓમાં થાપણો મૂકવા સામે ચેતવણી

**કો-ઓપરેટીવ સોસાયટીઓ તેમના બિનસભ્યો પાસેથી થાપણો સ્વીકારી શકતી નથી : આવી થાપણોને નિયમાનુસાર કોઇ વિમા સુરક્ષા મળતી નથી : ભારતીય રિઝર્વ બેન્ક**

ભારતીય રિઝર્વ બેન્કની યાદીમાં જણાવ્યા મુજબ કેટલીક કો-ઓપરેટીવ સોસાયટીઓ/પ્રાયમરી કો-ઓપરેટીવ સોસાયટીઓ બિન સભ્યો/નોમિનલ સભ્યો /એસોસિએટ સભ્યો પાસેથી થાપણો સ્વીકારે છે.

આ અંગે જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે આવી કો-ઓપરેટીવ સોસાયટીઓને ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા અધિકૃત બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ (કો-ઓપરેટીવ સોસાયટીઓને લાગુ પડે તે મુજબ) અંતર્ગત બેન્કિંગ બીઝનેસ કરવા માટે કોઈ લાયસન્સ આપવામાં આવતુ નથી. તદઉપરાંત આ પ્રકારની કો-ઓપરેટીવ સોસાયટીઓમાં મુકવામાં આવેલી થાપણોને ડીપોઝીટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC) પાસેથી કોઈ વીમા સુરક્ષા પણ મળતી નથી. આથી જાહેર જનતાએ આવી કો-ઓપરેટીવ સોસાયટીઓ સામે સાવધ રહી, યોગ્ય તપાસ કર્યા પછી જ નાણાકીય વ્યવહાર કરવા ભારતીય રિઝર્વ બેન્?કની યાદીમાં જણાવાયુ છે.

## કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સમાજના ઉમેદવારો માટે સ્પર્ધાત્મક તાલીમ વર્ગોનું રજીસ્ટ્રેશન

ગાંધીનગરના કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા ધોરણ-૧૨નો અભ્યાસ પૂર્ણ કરી કોલેજમાં અભ્યાસ કરતા અન્ડર ગ્રેજ્યુએટ અથવા ગ્રેજ્યુએટ થયેલા રાજપૂત સમાજના ઉમેદવારો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના તાલીમવર્ગનું આયોજન કરવામાં આવનાર છે. આ તાલીમ વર્ગોમાં ક્લાર્ક, પોલીસ કોન્સ્ટેબલ, તલાટી-કમ-મંત્રી જેવી તેમજ પીએસઆઈ, જીપીએસસી-૧ અને ૨, સ્પીપા પ્રવેશ પરીક્ષા સહિતની સરકારી ભરતીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ વર્ગની જનરલ બેચનું આયોજન કરાશે. આ તાલીમ વર્ગમાં સામેલ થવા ઈચ્છુક ઉમેદવારોએ તેમના ફોટોગ્રાફ સાથે તા. ૧૬મી જુલાઈના રોજ રવિવારે સવારે ૧૦ કલાકે રજીસ્ટ્રેશન માટે ઉપસ્થિત રહેવા જણાવાયું છે. આ રજીસ્ટ્રેશન પ્રક્રિયા અંગે વધુ માહિતી પ્રાપ્ત કરવા ફોન નં. ૦૭૯-૨૩૨-૨૬૪૪૪ પર સંપર્ક સાધવો.

## સે. ૧૨ની કન્સ્ટ્રક્શન સાઈટ અને ૮ની આદર્શ નિવાસી શાળામાંથી મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં સે. ૧૨ ખાતે આરોગ્ય વિભાગની નિર્માણ પામી રહેલ એક કચેરીની કન્સ્ટ્રક્શન સાઈટ પરથી જ મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા છે.

શહેરમાં છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન સે. ૮ની આદર્શ નિવાસી શાળાની ટાંકીમાંથી પણ મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા છે.

શહેરી મેલેરિયા તંત્રની ટીમોએ અત્યાર સુધીમાં ૧૮૭ જેટલા તાવના દર્દી શોધી કાઢ્યા છે.

● અનુસંધાન પાના - ૭ પર

